મહત્તમ : ૨૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૫૩ ટકા

ગાંધીનગર તાપમાન

હવે પાણીપુરી મશીનમાંથી તળાઈને બહાર આવશે

ખાદ્ય-ખોરાક પ્રદર્શનમાં પાણીપુરી અને સમોસાનું મશીન જોવા મુલાકાતીઓનો ધસારો

ગાંધીનગર, તા.૧૫

સ્વાદીષ્ટ અને ચટાકેદાર પાણીપુરીનું નામ સાંભળતા જ દરેક મહિલાના મુખ પર હાસ્ય જોવા મળે છે. પાણીપુરી મહિલાઓને વિશેષ પ્રિય હોય છે, પરંતુ તે બનાવવી બહુ અઘરી હોય છે. મહિલાઓને તેની બનાવવાની ઝંઝટમાંથી મુકિત અપાવે તે માટેનું અત્યંત આધુનિક મશીન આવી ગયું છે. જેમાં હવે પાણીપુરી તેલમાં તળાઈને બહાર આવી જશે. આ મશીન ઈન્દોરની ડાયનામેક એન્જીનિયર્સ દ્વારા ચારથી પાંચ માસ પહેલા જ તૈયાર કરવામાં આવ્યું છે. જે સૌ પ્રથમવાર રાજકોટ શહેરમાં એક માસમાં જોવા મળશે.

ગાંધીનગર શહેર ખાતે આયોજીત ખાદ્ય ખોરાક પ્રદર્શન મેળામાં ડોમ નં.૧ માં ૧૦૯ થી ૧૧૨ સુધીના સ્ટોલ ડાયનામેક એન્જીનિયર્સના છે. આ અંગે વધુ માહિતી આપતા સેલ્સ મેનેજરે જણાવ્યું હતું કે આ

કંપની ૩૦ વર્ષ જુની છે તેમજ ૪૫૦ શહેરો, ૨૦ દેશ અને ૨૦ હજારથી વધુ ગ્રાહકો ધરાવે છે. જયારે કંપનીના ૫ યુનિટ આવેલા છે. ભારતમાં સૌ પ્રથમ વેફર્સ અને નમકીનનું મશીન બનાવ્યું હતું. હાલના સમયે કંપનીની ૧૦૦ થી વધુ પ્રોડકટ બજારમાં ચાલી રહી છે. આધુનિક મશીનને પગલે માણસો દ્વારા થતી કામગીરી બહુ જ ઓછી થઈ જાય છે. જયારે એક મશીન જ તમામ કામ કરી દે છે. જયારે અત્યાર સુધી સમોસા બનાવવાનું કામ કઠીન હતું. તે બનાવવા ઘણી મથામણ કરવી પડતી હતી પરંતુ ડાયનામેક એન્જીનિયર્સ દ્વારા તેનું પણ મશીન તૈયાર કરાયું છે જે હાલ ખાદ્ય ખોરાકમાં જ લોન્ચ કરાયું છે. જેમાં સમોસાનો લોટ બંધાઈ જશે, અને તેમાં મસાલો ભરાઈને તૈયાર થઈને તળીને બહાર આવશે. આ પ્રકારના મશીનને પગલે વેપારીઓને પણ રાહત થતી હોય છે. જેથી ખાદ્ય ખોરાક પ્રદર્શનની રોજના હજજારો મુલાકાતીઓ મુલાકાત લઈને પોતાની ઉપયોગી મશીનરી નોંધાવતા પણ નજરે પડે છે.

સે-૧૭ ટાઉનહોલ સામે પાર્કીંગનું શૌચાલય બંધ

પ્રદર્શનમાં આવતા મુલાકાતીઓ જાહેરમાં શૌચક્રિયા કરવા મજબુર

ગાંધીનગર, તા.૧૫

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વિવિધ સ્થળો પર શૌચાલય ઉભા કરાયા છે. સેકટર-૧૭ ટાઉનહોલ સામે આવેલા શૌચાલયનું સંચાલન ઈન્ડેક્ષ-બી સંભાળી રહ્યું છે ત્યારે શૌચાલય વર્ષોથી બંધ હોય તેવી હાલત છે. શૌચાલય ગંદકીથી ખદબદે છે, શૌચાલય બંધ હોવાથી પ્રદર્શનમાં આવતા મુલાકાતીઓ જાહેરમાં શૌચક્રિયા કરે છે. ત્યારે આ પ્રકારના મોટા પ્રદર્શન સમયે શૌચાલય શરુ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં હાલના સમયે ખાદ્ય-ખોરાકનું પ્રદર્શન ચાલી રહ્યું છે. જેમાં ભારતભરમાંથી રોજના હજજારો મુલાકાતીઓ આવે છે. ટાઉન હોલ સામેના પાર્કીંગ ગાડીઓથી ભરાયેલું હોય છે. ગાડીઓ મુકવાની જગ્યા નથી, ત્યારે મુલાકાતીઓ માટે

બનાવેલું શૌચાલય જ બંધ હાલતમાં છે. આ શૌચાલય બંધ રહેતા મુલાકાતીઓ જાહેરમાં શૌચક્રિયા કરવા મજબુર બને છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલય બનાવાયું છે અને સંચાલન ઈન્ડેક્ષ બી કરી રહ્યું છે ત્યારે આવી સ્થિતિ ઉભી થવા પામી છે તે પણ વાત નવાઈ ઉપજાવે છે. શૌચાલયને તાળા લટકતા હોવાથી પાર્કીંગમાં પણ ગંદકીના ઢગ ખડકાય તો નવાઈ નહીં. મનપા દ્વારા લાખો રૂપીયાના ખર્ચે બનાવેલ શૌચાલય લોક ઉપયોગી બનવાની જગ્યાએ બિન ઉપયોગી બની રહ્યું છે. ગાંધીનગર શહેરના સેકટર-૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આવેલા આધુનિક ડોમમાં ખાદ્ય-ખોરાકનું પ્રદર્શન ચાલી રહ્યું છે. જેમાં રાજય તેમજ ભારતભરમાંથી હોટલ-રેસ્ટોરન્ટના રોજગાર સાથે જોડાયેલા વેપારીઓ આવે છે. શૌચાલય બંધ હોવાથી મુલાકાતીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. ત્યારે કેટલાક નાગરીકો ગમે ત્યાં શૌચક્રિયા કરતા ગંદકી અને દુર્ગંધ મારતા મુલાકાતીઓને પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. ત્યારે હેલીપેડ ખાતે આવા મોટા જાહેર કાર્યક્રમો હોય ત્યારે તંત્ર દ્વારા શૌચાલય ખુલ્લુ મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

આર.એન. પટેલ પ્રા. સ્કૂલમાં દાદા-દાદી વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૨૩ની આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે તેમજ દાદા દાદીના પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો પ્રસ્થાપિત થાય અને પારિવારિક ભાવના જાગૃત થાય જેથી સમાજમાં વધતા જતા વૃધ્ધાશ્રમોની સંખ્યા નિયંત્રિત કરી શકાય તેવા હેતુથી યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને પોતાના દાદા દાદી સાથે શાળામાં આવી તેમની વંદના કરી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમમાં પોતાના દાદા-દાદીનું કંકુતિલક કરી શાસ્ત્રોકત વિધિ મુજબ પૂજન કરવામાં આવ્યું હતું તથા તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ઘરમાં દાદા દાદીની હાજરી કેટલી અગત્યતા અને ઉપયોગિતા ધરાવે છે તે સમજાવતા આ અનોખા કાર્યક્રમમાં ધોરણ-૭-સીમાં અભ્યાસ કરતી માધવી અને ધોરણ-૪-બીની વિદ્યાર્થીની નેન્સીએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા જયારે ધો-૬ અને ધો-૮ના વિદ્યાર્થીઓએ બાળગીતો જેવા કે 'દાદાના દરબારમાં' અને 'ચાંદ સે પ્યારી દાદીમા' રજૂ કર્યા હતા. ધો-૩, ૫ અને ૮ના વિદ્યાર્થીઓએ ડાન્સ રજૂ કર્યો હતો જયારે વડિલ સોમાભાઈ પ્રજાપતિએ દાદા-દાદીનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના સુપરવાઈઝર અશોકભાઈ પટેલે 'દાદા-દાદી દેવોઃ ભવ'નું સુત્ર આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષિકા કિરણબેન પટેલ, આશાબેન પટેલ તથા શિક્ષક આશિષભાઈ વસાવાએ જહેમત ઉઠાવી હતી.

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો ૩૦મીએ રજતજયંતિ મહોત્સવ

ગાંધીનગર, તા.૧૫

શ્રી વિસનગરા નાગર પરિવાર દ્વારા આયોજિત રજતજયંતિ વર્ષની ઉજવણી તા. ૩૦મી ડીસેમ્બરના રોજ રાઘવ ફાર્મ ઝુંડાલ મુકામે યોજાનાર છે.

મહોત્સવ સમારંભના અધ્યક્ષપદે શ્રી સાંતેજ ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસોસીએશનના ઉપપ્રમુખ જયેન્દ્રભાઈ કોઠારી, મુખ્ય મહેમાનપદે રાઘવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ઝુંડાલના મહેશભાઈ બાબુલાલ મહેતા, સમારંભના ઉદઘાટક ઉરેશભાઈ ઈન્દ્રવદનભાઈ મહેતા, નિવૃત્ત મુખ્ય ઈજનેર (વિદ્યુત) ગુજરાત સરકાર-મુખ્ય અતિથિપદે ભારતીય જનતા પાર્ટીના પુર્વ પ્રમુખ, એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સલાહકાર સભ્ય ઋચિર અતુલકુમાર ભટ્ટ ઉપસ્થિત રહેશે.

નિવૃત્ત શિક્ષક પ્રવિણકુમાર રમણલાલ રાવલ-પાલજ, કલોલ તાલુકાના વરિષ્ઠ નાગર અગ્રણી મુકુંદરાય છોટાલાલ રાવલ-પાનસર, નવીનચંદ્ર માણેકલાલ રાવલ નિવૃત્ત સરકારી અધિકારી, કલોલના એડવોકેટ ભાવેશકુમાર હર્ષદરાય રાવલ એડવોકેટ અને નિવૃત્ત પ્રોફેસર ડૉ. પ્રમોદચંદ્ર નવીનચંદ્ર મહેતા અતિથિવિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમની સફળતા માટે મુકેશભાઈ બાબુલાલ મહેતા તથા પરિવાર-ઝુંડાલ, મયંકભાઈ દવે-સુરમધુર કલાવૃંદ ગાંધીનગર જહેમત ઉઠાવી રહ્યા છે. રંગારંગ કાર્યક્રમના યજમાન સ્વ.વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડયા, સ્વ. વીણાબેન વાસુદેવભાઈ પંડયા, કમલેશભાઈ પંડયા, સનતભાઈ પંડયા છે. ભોજનના યજમાન જાણીતા એડવોકેટ અતુલભાઈ પંડયા-ડભોડાવાળા, ડૉ. ભાવેશકુમાર પ્રમોદચંદ્ર મહેતા, ચિરાગભાઈ પ્રવિણકુમાર રાવલ, જયકુમાર મહેશભાઈ મહેતા, સુભાષભાઈ ભટ્ટ વગેરે યજમાનશ્રીઓ છે તેમ પ્રમુખ સનતભાઈ પંડયા, રજતજયંતિ મહોત્સવના કન્વીનર અતુલભાઈ પંડયા અને મહામંત્રી મહેશભાઈ રાવલે જણાવેલ છે.

આજે રાજપૂત સમાજ દ્વારા સ્નેહમિલન અને લોકડાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૬મી ડીસેમ્બરના રોજ સાંજે પાંચ કલાકે રાજપૂત સમાજ ભવન ખાતે સ્નેહમિલન તથા લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય મહેમાન પદે જયદ્રથસિંહજી પરમાર-મંત્રી-ગુજરાત રાજય, ગાંધીનગરના ધારાસભ્ય સી.જે. ચાવડા, જિલ્લા પંચાયત ગાંધીનગરના પૂર્વ પ્રમુખ અને પુર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહજી વાઘેલા, અગ્રણી બિલ્ડર અંબુસિંહજી ગોલ ઉપસ્થિત રહેશે.

સાજે ૮ થી ૧૦ કલાક દરમિયાન ડાયરો કલાકાર દેવાયત ખવડ રજુ કરશે તેમ રાજનસિંહ ચાવડા-પ્રમુખ, એલ.કે. વાઘેલા-પ્રમુખ, પ્રદિપસિંહ વાઘેલા-મહામંત્રી, હિતેન્દ્રસિંહ રાઓલ-મહામંત્રીએ જણાવેલ છે.

અડાલજ કેનાલમાં પડતું મૂકી અજાણ્યા યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા.૧૫

અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ગઈકાલે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાને ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. બપોરે ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ અને અડાલજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કેનાલમાં શોધખોળ આરંભી હતી. યુવાન કેનાલમાં ડૂબી તેના ૩૬ કલાકથી વધુ સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી તેની ભાળ મળી નથી. કેનાલમાં યુવાનની શોધખોળ જારી છે.

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ખાતેથી પસાર થતી નર્મદા કેનાલમાં ગઈકાલે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાને કેનાલની પાળી ઉપર ચડીને પડતું મૂક્યું હતું. અજાણ્યા યુવાનને કેનાલમાં છલાંગ મારતા જોઈને પુલ પાસેથી પસાર થઈ રહેલા એક રાહદારીએ તાત્કાલિક પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી ને બોલાવી લીધી હતી. ફાયર બ્રિગેડની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી જોકે ત્યાં સુધીમાં કેનાલમાં છલાંગ લગાવનાર યુવાન પાણીમાં ગરકાવ થઈ ગયો હતો ને લાપતા થઈ ગયો હતો. ગઈકાલે રાત સુધી ફાયર બ્રિગેડની ટીમ ના તરવૈયાઓએ અડાલજ કેનાલમાં યુવાનની શોધખોળ કરી પરંતુ તેની કોઈ ભાળ ન મળતાં કાફલો રાત્રે પરત ફર્યો હતો. આજે દિવસભર કેનાલમાં શોધખોળ કરવામાં આવી પરંતુ મોડી સાંજ સુધી આજે પણ તેના સગડ મળ્યા ન હતા. કેનાલમાં છલાંગ લગાવનાર યુવાન કોણ હતો અને ક્યાંથી આવ્યો હતો અને કયા કારણોસર તેને આ પગલું ભર્યું તે સહિતની વિગત કેનાલમાંથી મૃતદેહ મળ્યા બાદ તેની ઓળખ થયા પછી બહાર આવે તેવી શક્યતા છે.

તમને કેટલા ઈ-મેમો મળ્યા? જાણો આંગળીના ટેરવે.!!

ગાંધીનગર પોલીસે વાહનચાલકોને મળેલા ઈ-મેમોની વિગતો જાણવા વેબ લિંક શેર કરી : આ જ લિંક મારફતે ઈ-મેમોનુ ઓનલાઇન પેમેન્ટ પણ કરી શકાશે

ગાંધીનગર, તા.૧૫

રાજયના પાટનગર ગાંધીનગરમાં મુખ્ય માર્ગો, પ્રવેશદ્વારો તથા સર્કલ ઉપર સીસીટીવી કેમેરા લાગી ગયા છે. ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને આ સીસીટીવી કેમેરા મારફતે ઈ મેમો મોકલવાની કાર્યવાહી શરૂ થયાને એક મહિનો થવા આવ્યો છે. હજારો ઈ-મેમો અત્યાર સુધીમાં ટ્રાફીકના નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોના ઘરે પહોંચાડવા માટે પોસ્ટ થઈ ગયા છે. વાહનચાલકોને સરળતા રહે તે માટે આ કામગીરીનું પણ ડીઝીટલાઈઝેશન ગાંધીનગર પોલીસ દ્વારા કરી દેવામાં આવ્યું છે. ગાંધીનગર પોલીસ દ્વારા વાહનચાલકો માટે એક વેબ લીંક શેર કરવામાં આવી છે જેના મારફતે તમને કેટલા ઈ-મેમો મળ્યા અને કેટલા મેમો પેન્ડિંગ છે તે સહિતની વિગતો પોતાનું વાહન નંબર નાખવાથી મળી જશે. એટલું જ નહીં આ વેબ લીંક મારફતે તમને મળેલા ઈ-મેમોનુ ઓનલાઇન પેમેન્ટ પણ કરી શકાશે.

ગાંધીનગર શહેરમાં સવારે અને સાંજે ઓફિસ અવર્સ દરમિયાન અમદાવાદ જેવો ટ્રાફિક મુખ્યમાર્ગો પર જોવા મળી રહ્યો છે. અગાઉ ક્યારેય ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલીસ મૂકવી પડે તેવી સ્થિતિ જોવા મળી ન હતી. પાંચેક વર્ષ પહેલા શહેરના કેટલાક રસ્તાઓ ઉપર તથા સર્કલો પર ટ્રાફિક સિગ્નલ પણ મૂકવામાં આવ્યા હતા. જોકે તે ટ્રાફિક સિગ્નલ એક પણ વાર ચાલુ કરવા પડ્યા ન હતા અને શોભાના ગાંઠિયા સમાન બની ગયા હતા. ધૂળ ખાતા આ તમામ ટ્રાફિક સિગ્નલ હાલ બંધ હાલતમાં પડ્યા છે અને ભંગાર થઈ ગયા છે. જોકે હવે ટ્રાફિક સિગ્નલ ની જરૂર ઊભી થઈ છે. ગાંધીનગર પોલીસે તે માટે હવે બીજો ખર્ચ કરીને નવા ત્રણ ટ્રાફિક સિગ્નલ કાર્યરત કર્યા છે. શહેરમાંથી પસાર થતા વાહનચાલકો પૈકી ટ્રાફિક સિગ્નલનો ભંગ કરનાર વાહનચાલકો ઉપરાંત હેલ્મેટ ન પહેરનાર, સીટ બેલ્ટ ન બાંધનાર અને ચાલુ વાહને મોબાઈલ પર વાત કરનાર સંચાલકોને વાહન ના નંબર આધારે સીસીટીવી કેમેરા મારફતે ઈ મેમો મોકલવાની કામગીરી ૨૦ નવેમ્બરથી ગાંધીનગર પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. આ કામગીરી શરૂ કર્યાને ૨૫ દિવસ થઈ ગયા છે જેમાં હજારો વાહનચાલકોને ઘરે ઈ-મેમો પોસ્ટ મારફતે મોકલી દેવામાં આવ્યા છે. વાહનના નંબર આધારે આંગળીના ટેરવે પોતાના મોબાઈલથી જ ઈ મેમો ની વિગતો જાણી શકાય તે માટે ગાંધીનગર પોલીસે વેબ લિંક શેર કરી છે. આ વેબ લીંક મારફતે પોતાના વાહનને કેટલા ઈ મેમો ફાટ્યા અને કેટલા ઈ-મેમો હજુ પેન્ડિંગ છે તે સહિતની વિગત જાણી શકાશે અને આ ઈ-મેમોનુ ઓનલાઈન પેમેન્ટ પર આ જ વેબ લીંક **echallan.gandhinagarpolice.com** પરથી ઘરે બેઠા કરી શકાશે.

શિયાળાની ઠંડીમાં વિદ્યાર્થીઓને સિસિકાની હૂંફાળી ભેટ

સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા પ્રજ્ઞાચક્ષુ તથા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ગરમ સ્વેટર્સનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર હરિયાળું શહેર હોવા ઉપરાંત નદી કાંઠે વસેલું હોવાથી શિયાળાની ઋતુમાંઅહીં ઠંડીનું પ્રમાણ વિશેષ અનુભવાય છે. શિયાળાની કડકડતી ઠંડીમાં શહેરમાં ખાસ કરીને ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોની હાલત ગરમ વસ્ત્રોના અભાવે કફોડી થવા પામે છે. આ સ્થિતિમાં શહેરની સેવાભાવી સામાજિક સંસ્થા સિનિયર સિટીઝન કાઉન્સિલ આ વર્ગના બાળકોની વ્હારે આવી છે અને સંસ્થા દ્વારા શહેરના કુલ ૧૪૭ વિદ્યાર્થીઓને ગરમ સ્વેટર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેરના વરિષ્ઠ નાગરિકોની સંસ્થા સિસિકા દ્વારા શુક્રવારે ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની અંધશાળા તથા ધોળાકુવા ખાતેની બલરામ આશ્રમ શાળાના બાળક માટે ગરમ સ્વેટરના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કુલ ૧૪૭ વિદ્યાર્થીઓમાં અંધશાળાના ૪૨ પ્રજ્ઞાચક્ષુ બાળકો તથા ધોળાકુવાના ૧૦૫ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને સ્વેટર આપવામાં આવ્યા હતા. કાર્યમાં સિસિકાના વરિષ્ઠ સેવાભાવી સભ્યો અનિલ કકકડ, એમ.આર. શાહ, અક્ષય રાણા તથા દિલીપ શાહ જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં અનિલ કક્કડે બાળકોને જીવનમાં સારી ટેવો વિકસાવવા સાથે સંસ્કાર, ચારિત્ર્ય, શિસ્ત, વર્તણુંક તથા ધાર્મિક વાંચનને મહત્વ આપવા પર ભાર મૂકી કારકિર્દી ઘડતર માટે ઉપયોગી સૂચનો કર્યા હતા. આ સાથે બાળકોને વ્યસનથી દૂર રહેવા શપથ લેવડાવવામાં આવ્યા હતા.

સિસિકાના સેવાકાર્ય પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં અંધશાળાના માનદ મંત્રી જયંતિભાઈ પટેલ, ધોળાકુવાના આચાર્ય હેમંતકુમાર પટેલ તથા બંને સંસ્થાના કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા.

સે-૧૨ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ ગાંધીનગરનો પ્રથમ સ્નેહમિલન સમારોહ યોજાયો

ચિલોડા, તા.૧૫

ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સિનિયર સીટીઝન કલબનો પ્રથમ સ્નેહ મિલન સમારોહ સમાજના અગ્રણી અરવિંદભાઈ એમ. પટેલ (યુએસએ)ના અધ્યક્ષ સ્થાને સે-૧૨ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સીનીયર સીટીઝન સંયોજક રમણભાઈ પટેલ (યુએસએ) સૌ પ્રથમ પ્રાસંગિક પ્રવચન દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પરિચય આપ્યો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણી બાબુભાઈ કે. પટેલ (ચંદ્રાલા) ગુણવંતભાઈ ડી. પટેલ (યુએસએ) વિ-કેર ફાઉન્ડેશન ચેરમેન તથા મોટીવેશનલ એકસપર્ટ મુખય વકતા જે.સી. પટેલ, અશોકભાઈ પટેલ, ૪૨/૮૪ કડવા પાટીદારના પ્રમુખ અશોકભાઈ એચ. પટેલ, એ.પી.એમ.સીના ચેરમેન ડૉ.ગીરીશભાઈ પટેલ, કે.બી. બારોટ-મહામંત્રી અમદાવાદ દશરથભાઈ સી. પટેલ, મહેન્દ્રભાઈ કે. પટેલ, મીઠાભાઈ એમ. પટેલ, નટુભાઈ પટેલ-પત્રકાર, રણછોડભાઈ કે. પટેલ (યુએસએ) વગેરેનું સમાજના અગ્રણીઓના હસ્તે શાલ ઓઢાડી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રથમ સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના સિનિયર સીટીઝનો અંગે જીવન વ્યવહાર, જીવનશૈલી તથા મન અને તનનું તંદુરસ્ત સ્વાસ્થ્ય, આરોગ્ય, ધર્મ અને કર્મનો સમન્વય રૂપે, વાણી, વિચાર અને વર્તન દ્વારા પ્રવૃત્તિશીલ તેમજ દીર્ઘ આયુષ્યમાન બનો તેવી મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી હતી. વિકેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલે વરિષ્ઠ નાગરિકોને અમુલ્ય જીવન નિરોગી-સુખ-સંતોષ અને આનંદમય પસાર કરવા અનુરોધ કર્યો હતો.

અંતમાં સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને ઉદઘોષક તરીકે ઈન્દ્રવદન પંડયા તેમજ આભારવિધિ ગોવિંદભાઈ પટેલે કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. આ સમારોહમાં મોટી સંખ્યામાં સીનીયર સીટીઝનો તથા શુભચિંતકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં ૫૫ દિવસ સુધી શ્રી યોગવસિષ્ઠ મહારામાયણ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

શ્રી યોગવસિષ્ઠ મહાપારાયણ પર સત્સંગ સતત ૫૫ દિવસ તા. ૧૭મી ડિસેમ્બરથી તા. ૯મી ફેબ્રુઆરીના રોજ સવારે સાતથી નવ અને સાંજે છ વાગ્યાથી આઠ કલાક સુધી પ્લોટ નં. ૯૦૦/૨, સેકટર-૯-સી પ્રાથમિક શાળા પાસે યોજાશે. આ માટે મો.નં. ૯૪૨૭૦ ૧૨૮૧૦ અને ૯૪૨૬૦૦૨૮૧૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. મીઠાલાલ લાલજીભાઈ ચાવડા, ઉ.વ. ૬૦
- સ્વ. ભરતભાઈ સોમાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૧
- સ્વ. જીતેન્દ્રસિંહ મનુસિંહ વાઘેલા, ઉ.વ. ૨૦
- સ્વ. સેંધાજી નાથાજી ઠાકોર, ઉ.વ. ૭૨